Paper Code – 3918/4011

M.A. Sem – 3 ECONOMICS (Old/NEW Course)
Mar-Jun - 2021
305 – Research Methodology (Theory)

કુલ સમય :– ૬૦ મીનીટ **કુલ પ્રશ્નો : ૫૦** **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫**

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

(1) સૂચકઆંકની રચના માટે કયું માપ શ્રેષ્ઠ માપ છે?
(A) સાદો મધ્યક (B) સરેરાશ મધ્યક (C) ગુણોત્તર મધ્યક (D) ઉપરમાંથી એકપણ નહીં

(2) કયો સૂચકઆંક આદર્શ સૂચકઆંક ગણાય છે?
(A) પાશે નો સૂચકઆંક (B) ફિશરનો સૂચકઆંક (C) લાસ્પેયરનો સૂચકઆંક (D) માર્શલનો સૂચકઆંક

(3) સૂચકઆંકના સૂત્રની યોગ્યતા માટેનાં પરીક્ષણોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે?
(A) એકમ પરીક્ષણ (B) સમય વિપર્યાસ (C)પદ વિપર્યાસ (D) ઉપરના તમામ

(4) કયો સૂચકઆંક સમય અને પદ વિપર્યાસ પરીક્ષણ બંનેને સંતોષે છે?
(A) પાશે નો સૂચકઆંક (B) ફિશરનો સૂચકઆંક (C) લાસ્પેયરનો સૂચકઆંક (D) માર્શલનો સૂચકઆંક

(5) કયા સૂચકઆંકમાં આધારવર્ષના જથ્થાને ધ્યાનમાં લેવામાં આવે છે?
(A) પાશે નો સૂચકઆંક (B) ફિશરનો સૂચકઆંક (C) લાસ્પેયરનો સૂચકઆંક (D) માર્શલનો સૂચકઆંક

(6) કયા સૂચકઆંકમાં ચાલુ વર્ષના જથ્થાને ધ્યાનમાં લેવામાં આવે છે?
(A) પાશે નો સૂચકઆંક (B) ફિશરનો સૂચકઆંક (C) લાસ્પેયરનો સૂચકઆંક (D) માર્શલનો સૂચકઆંક

(7) સૂચકઆંકમાં જે સમયની સાથે સરખામણી કરવામાં આવે છે તે સમયને _____વર્ષ કહે છે.
(A) આધાર વર્ષ (B) ચાલુ વર્ષ (C) વર્તમાન વર્ષ (D) એકપણ નહીં

(8) આધારવર્ષનો આંક કેટલો હોય છે?
(A) 1 (એક) (B) અનંત (C) 100 (સો) (D) 0 (શૂન્ય)

(9) કયા પરીક્ષણમાં આધારવર્ષ અને ચાલુવર્ષની અદલાબદલી કરવામાં આવે છે?
(A) એકમ પરીક્ષણ (B) સમય વિપર્યાસ (C)પદ વિપર્યાસ (D) ઉપરના તમામ

(10) નીચેનામાંથી ફિશરના સૂચકઆંકનું સમીકરણ કયું છે?
(A) $F = LP$ (B) $F = L+P$ (C) $F = L-P$ (D) $F = \sqrt{LP}$

(11) કઇ રીતમાં દરવર્ષે આધારવર્ષ બદલાતું રહે છે?
(A) પરંપરિત આધારની રીત (B) અચલ આધારની રીત (C) સ્થિર આધારની રીત (D) ઉપરમાંથી એકપણ નહીં

(12) _____ પધ્ધતિમાં આધારવર્ષ બદલવામાં આવતું નથી.
(A) પરંપરિત આધારની (B) અચલ આધારની
(C) પરંપરિત અને અચલ આધારની બંને (D) ઉપરમાંથી એકપણ નહીં

(13) શૂન્ય ઉત્કલ્પના વાસ્તવમાં સાચી હોય ત્યારે તેને અસ્વીકૃત કરવાથી જે ભૂલ થાય છે તેને કઇ ભૂલ કહે છે?
(A) પ્રકાર -1 (B) પ્રકાર -2 (C) પ્રકાર-3 (D) પ્રકાર-4

(14) X^2 નો પ્રાચલ _____છે.
(A) m (B) v (C) n (D) b

(15) ભૂલ -1 માટે કઇ સંજ્ઞાનો ઉપયોગ થાય છે?
(A) γ (B) β (C) α (D) Ω

(16) T - વિતરણ કોણે આપ્યું હતું?
(A) ફિશર (B) કાર્લ પિયર્સન (C) હેલમર્ટ (D) ડબલ્યુ. એસ.ગોસેટ

(17) T – વિતરણમાં અવલોકનોની સંખ્યા કેટલી હોય છે?
(A) 10 થી 20 ની વચ્ચે (B) 30 થી 40 ની વચ્ચે (C) 80 થી 90 ની વચ્ચે (D) 100 થી વધુ

(18) કયું વિતરણ એ T – વિતરણનો વર્ગ છે?
(A) F - વિતરણ (B) X^2 – વિતરણ (C) T - વિતરણ (D) L - વિતરણ

(19) નીચેનામાંથી કયું પરીક્ષણ કાર્લ પિયર્સન દ્વારા શોધવામાં આવ્યું હતું?
(A) F - પરીક્ષણ (B) X^2 - પરીક્ષણ (C) T - પરીક્ષણ (D) L - પરીક્ષણ

(20) X^2 - પરીક્ષણ ની કિંમતો _____ ચરણ (ખંડ) માં આવે છે.
(A) ત્રીજા (B) ચોથા (C) બીજા (D) પ્રથમ

(21) કયા ચલની કિંમત 0 અને α ની વચ્ચે હોય છે?
(A) F - પરીક્ષણ (B) X^2 - પરીક્ષણ (C) T - પરીક્ષણ (D) L - પરીક્ષણ

(22) સહસંબંધાંક માટે કઇ સંજ્ઞાનો ઉપયોગ થાય છે?
(A) f (B) m (C) r (D) n

(23) ચલનાત્મક પરીક્ષણોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે?
(A) મધ્યકની સાર્થકતાનું પરીક્ષણ (B) સહસંબંધાંકની સાર્થકતાનું પરીક્ષણ
(C) બે ગુરુ નિદર્શોના મધ્યકો વચ્ચેના તફાવતની સાર્થકતાનું પરીક્ષણ (D) ઉપરના તમામ

(24) નિરાકરણીય પરિકલ્પનાની પૂરક પરિકલ્પનાને _____ પરિકલ્પના કહે છે.
(A) નિરાકરણીય (B) આગણન (C) વૈકલ્પિક (D) ઉપરના તમામ
(25) નિરાકરણીય પરિકલ્પનાને સંકેતમાં _____ વડે દર્શાવાય છે.
(A) H_0 (B) H_1 (C) H (D) H_2
(26) જો પરિકલ્પના સમષ્ટિને સંપૂર્ણપણે દર્શાવે તો આવી પરિકલ્પનાને_____ પરિકલ્પના કહે છે.
(A) સાદી (B) મિશ્ર (C) સંયુક્ત (D) ઉપરમાંથી એકપણ નહીં
(27) નીચેનામાંથી કઇ બાબત દરેક રમત સિધ્ધાંતના મોડેલનો એક ભાગ છે?
(A) સંભાવના (B) વ્યૂહરચના (C) ખેલાડીઓ (D) ઉપરના તમામ
(28) કયા પ્રકારની રમતમાં એક વ્યક્તિનો લાભ બીજાના નુકશાનની સમકક્ષ હોય છે?
(A) લઘુ-ગુરુ (B) શૂન્ય સરવાળાની રમત (C) ગુરુ-લઘુ (D) ઉપરના તમામ
(29) શૂન્ય સરવાળાની રમતમાં કયા બજારની ધારણા કરવામાં આવી છે?
(A) ઇજારો (B) ઇજારાયુક્ત હરીફાઇ (C) અપૂર્ણ હરીફાઇ (D) પૂર્ણ હરીફાઇ
(30) મિશ્ર વ્યૂહરચના એ _____વિતરણ છે.
(A) પ્રમાણ્ય (B) સામયિક (C) સંભાવના (D) ઉપરમાંથી એક પણ નહીં
(31) ખેલાડી રમત કેવી રીતે રમશે તેની સંપૂર્ણ વ્યાખ્યા કઇ વ્યૂહરચનામાં જોવા મળે છે?
(A) શુધ્ધ (B) મિશ્ર (C) શુધ્ધ અને મિશ્ર બંને (D) ઉપરમાંથી એક પણ નહીં
(32) પલાણ્ય બિંદુ હેઠળ રમતની કિંમત મેળવવા કોલમમાંથી કઇ સંખ્યા પસંદ કરવામાં આવે છે?
(A) લઘુત્તમ (B) મહત્તમ (C) ન્યૂનત્તમ (D) શૂન્ય
(33) રમતના મોડેલો દ્વારા _____ વર્ગીકૃત કરવામાં આવે છે.
(A) ચુકવણીનું કદ (B) ચુકવણીનો સરવાળો (C) કાર્યરત વ્યૂહરચના (D) ઉપરના તમામ
(34) સેડલ પોઇન્ટ બીજા કયા નામે ઓળખાય છે?
(A) સંભાવના (B) લઘુ – ગુરુ સિધ્ધાંત (C) પલાણ્ય બિંદુ (D) ઉપરના તમામ
(35) તાંત્રિક શ્રેણિકની શોધ કોણે કરી હતી ?
(A) સેમ્યુલ્સન (B) માર્શલ (C) કેઇન્સ (D) લિયોન્ટીફ
(36) શૂન્ય રમતના સિધ્ધાંતમાં ખેલાડીને કેટલું વળતર મળે છે ?
(A) શૂન્ય (B) અનંત (C) મહત્તમ (D) ગુરુત્તમ
(37) અંત:સ્ત્રાવ – બહિ:સ્ત્રાવ પૃથ્થકરણનો પ્રથમ અભ્યાસ કયા દેશના અર્થતંત્ર માટે કરવામાં આવ્યો હતો ?
(A) અમેરિકા (B) ભારત (C) જાપાન (D) ચીન
(38) અંત:સ્ત્રાવ – બહિ:સ્ત્રાવ પૃથ્થકરણનો પ્રથમ અભ્યાસ કયા અર્થશાસ્ત્રી દ્વારા કરવામાં આવ્યો હતો ?
(A) સેમ્યુલ્સન (B) માર્શલ (C) કેઇન્સ (D) લિયોન્ટીફ
(39) સામયિક શ્રેણીના ઘટકોમાં કોનો સમાવેશ થાય છે?
(A) વલણ (B) મોસમી વધઘટ (C) અનિયમિત વધઘટ (D) ઉપરના તમામ
(40) મોસમી વધઘટ ક્યા ગાળાની નિયમિત વધઘટ છે?
(A) લાંબાગાળાની (B) ટૂંકાગાળાની (C) મધ્યમ ગાળાની (D) ઉપરમાંથી એકપણ નહીં
(41) ચક્રીય વધઘટ _____ ગાળાની નિયમિત વધઘટ છે.
(A) લાંબાગાળાની (B) ટૂંકાગાળાની (C) મધ્યમ ગાળાની (D) ઉપરમાંથી એકપણ નહીં
(42) વલણ નક્કી કરવાની રીતોમાં કઇ રીતોનો સમાવેશ થાય છે?
(A) આલેખની રીત (B) ચલિત સરેરાશની રીત (C) ન્યૂનતમ વર્ગોની રીત (D) ઉપરના તમામ
(43) મોસમી ફેરફારો _____ હોય છે.
(A) દીર્ઘકાલીન (B) અલ્પકાલીન (C) અનિયમિત (D) ઉપરમાંથી એકપણ નહીં
(44) સમય અનુસાર બદલાતા ચલને _____ ચલ કહે છે.
(A) સરેરાશ (B) પૃષ્ઠિત (C) સામયિક (D) ઉપરમાંથી એકપણ નહીં
(45) સામયિક આલેખ કેવા પ્રકારનો આલેખ છે?
(A) અનિયમિત (B) નિયમિત (C) અનિયમિત અને વાંકોચૂંકો (D) નિયમિત અને વાંકોચૂંકો
(46) સામયિક શ્રેણીના અભ્યાસના મહત્વમાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે ?
(A) આર્થિક આયોજનમાં ઉપયોગી (B) ભૂતકાળની પરિસ્થિતિને સમજવા
(C) તુલનાત્મક અભ્યાસમાં ઉપયોગી (D) ઉપરના તમામ
(47) સામયિક ચલની દીર્ઘકાલીન વધઘટમાં કોનો સમાવેશ થાય વછે ?
(A) વલણ (B) ચક્રીય વધઘટ (C) ઉપરના બંને (D) ઉપરમાંથી એકપણ નહીં
(48) ચલિત સરેરાશની રીતમાં કોનો સમાવેશ થાય છે ?
(A) ભારિત પધ્ધતિ (B) પરંપરિત પધ્ધતિ (C) ઉપરના બંને (D) ઉપરમાંથી એકપણ નહીં
(49) મોસમી વધઘટ અને અનિયમિત વધઘટ _____ ના પ્રકાર છે.
(A) દીર્ઘકાલીન વધઘટ (B) અલ્પકાલીન વધઘટ (C) ચક્રીય વધઘટ (D) લાંબાગાળાની વધઘટ
(50) વલણ માપવાની રીતો કેટલી છે ?
(A) ત્રણ (B) બે (C) ચાર (D) પાંચ